# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩ તા.૮-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રીએ ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતિ આગામી ૧૪મી એપ્રિલ ૨૦૧૫થી તા.૧૪મી એપ્રિલ-૨૦૧૬,એક વર્ષ સુધી ઉજવવાનો નિર્ણય કરેલ છે.આ સમયગાળા દરમ્યાન બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકરનો સંદેશ જન જન સુધી પહોંચે અને તેમના જીવન ચરિત્રમાંથી પ્રેરણા મળે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન થનાર છે. તેના ભાગ રૂપે તા.૧૩-૪-૧૫ના રોજ પ્રાર્થના કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન ચરિત્રમાંથી પ્રેરણા મળે તેવા પ્રસંગો કહેવા તેમજ તેમના જીવન કવન અંગે ચર્ચા ગોઠવવી.

તા. ૮-૪-૧૫ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

પરિપત્ર નં. ૪ તા.૮-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભા વિકસે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓને રમત-ગમત,કલા તથા સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરવા પ્રોત્સાહિત કરે છે. આ પ્રેરક વિચારને કાર્યાન્વિત કરવા રાજ્ય કક્ષાએ ‘‘બાળકવિ’’ સંમેલનનું આયોજન કરવાનું વિચારેલ છે,તો તમારી શાળાના વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓએ વર્તમાનપત્રોમાં/ સામાયિકોમાં/સોવેનિયરમાં/વિશેષાંકમાં/ શાળાઓના વિશેષ દિન(જેવા કે રજત જયંતિ સુવર્ણજયંતિ)ના ઉપક્રમે બહાર પાડેલા સોવેનિયરમાં,જ્ઞાતિઓના સામાયિકોમાં કે અન્ય કોઈ જગ્યાએ સ્વરચિત કાવ્યો પ્રકાશિત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓની કૃતિઓ એકત્ર કરી તમારા ઝોનનાં આસિ.એ.ઓ.શ્રીને તા.૨૪-૪-૧૫ સુધી મોકલી આપવી. વિદ્યાર્થીઓની આવેલ કૃતિઓમાંથી બે શ્રેષ્ઠ કૃતિઓને પસંદ કરી જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર ખાતે મોકલવામાં આવે.

તા. ૮-૪-૧૫ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

નોંધ :- મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ માટે મતદાર પાસેથી અરજીઓ સ્વીકારવા માટે તા.૧૨-૪-૧૫ રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૬-૦૦ કલાક દરમ્યાન મતદાર સુધારણા કામગીરી અંતર્ગત બી.એલ.ઓ. પદાધિકારીશ્રીઓ શાળાના મકાનમાં બેસનાર છે. જેથી ઉકત તારીખેએ શાળાના રૂમો ખુલ્લા રાખી લાઈટ,પાણી તથા ફર્નીચરની જરૂરી સુવિધા કરાવી આપશો.